ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૪/૨૦–૨૧/ 3531
તારીખ : 14 OCT 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૪/૨૦–૨૧

પ્રતિ,
શ્રી બનેસંગભાઈ મનુભાઈ પરમાર,
મું. મોજીદડ,
તા.ચુડા,
જી. સુરેન્દ્રનગર.
મો.નં. ૯૭૨૫૭ ૯૫૬૯૫

**વિષય : લોડ રીડકશન ન કરવા તથા વધુ રકમનું બિલ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૫/૦૪/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૬/૦૫/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૦–૨૧/૧૫૮૬ તા.૦૮/૦૫/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૦–૨૧/૨૭૧૮ તા.૧૦/૦૮/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૦–૨૧/૩૩૫૧ તા.૨૫/૦૯/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૦/૦૮/૨૦૨૦ તથા તા.૦૭/૧૦/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ચુડા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૦૪/૨૦–૨૧**

વાદી :– **શ્રી બનેસંગભાઈ મનુભાઈ પરમાર,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– તા.૨૦/૦૮/૨૦૨૦ તથા તા.૦૭/૧૦/૨૦૨૦**

હાજર રહયા :– **શ્રી દશરથભાઈ અમરભાઈ સોલંકી – (વાદી ના જમાઈ)**

પ્રતિવાદી :– **શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી બનેસંગભાઈ મનુભાઈ પરમાર, મું.મોજીદડ, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર ની લોડ રીડકશન ન કરવા તથા વધુ રકમનું બિલ અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૪/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી,વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૪/૨૦–૨૧/૧૫૮૬ તા.૦૮/૦૫/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૦/૦૮/૨૦૨૦, તથા તા.૦૭/૧૦/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી બનેસંગભાઈ મનુભાઈ પરમાર વતી તેમના જમાઈ શ્રી દશરથભાઈ અમરભાઈ સોલંકી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે ના રોજ શ્રી એમ.આર.ધામેચા – કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>વાદીશ્રીની રજૂઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજૂઆત છે કે...

૧.૧ જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે, આપ સાહેબને જણાવવાનું કે, અમો સુરેન્દ્રનગર જીલ્લાના ચુડા તાલુકાના મોજીદડ ગામમાં પરમાર બનેસંગભાઈ મનુભાઈ નો સર્વે નં–૫૭૮/૧ માં વિજ જોડાણ ધરાવીએ છીએ. જેનો ગ્રાહક નં–૭૪૦૫૬/૦૧૧૨૩/0 માં અમો એ લોડ ઘટાડો માટે તા.૧૩/૦૪/૨૦૧૮ ના રોજ અરજી કરેલ છે.

૧.૨ આપ સાહેબને જણાવવાનું કે, અમારી અરજી સ્વીકાર્યા પહેલા અમારી પાસેથી અલગ અલગ અધિકારી પાસેથી '' નો ડયુ '' લીધેલ છે કે, તમારૂં એક રૂપિયો વિજ બિલ બાકી નથી. જે બાદ જ તા.૧૩/૦૪/૨૦૧૮ ના રોજ અરજી સ્વીકાર્યા બદલ અમોને રૂા. ૨૦૦/– ની પહોંચ પણ આપેલ છે.

૧.૩ જે બાદ અમો દ્વારા ઘણી બધી વખત મૌખિક રજૂઆત કરતા કે, સાહેબ અમોને લોડ ઘટાડો કરી આપો. તેમ છતાં, કોઈ કાર્યવાહી કરેલ નથી.

૧.૪ જયારે, અમો અંદાજે ૧૨ મહિના વિત્યા ત્યાં સુધી રજૂઆત કરતા ત્યારે અમોને જણાવેલ કે, તમારૂં બાકી વિજ બિલ ની અડધી રકમ ભરો, પછી લોડ ઘટાડો કરી આપશું.

૧.૫ તો, અમો એ તા.૨૩/૦૩/૨૦૧૯ ના રોજ રૂા.૭૦૦૦/– (સાત હજાર) રૂપિયા ભરેલ. તેમ છતાં, આજ દિન સુધી લોડ ઘટાડો કરેલ નથી.

૧.૬ અમારી કોઈ રજૂઆત ન સાંભળતા, અમો એ ઉપરની કચેરીને લેખિત ફરીયાદ કરવાનું કહેતા, તા.૨૪/૦૧/૨૦૨૦ ના રોજ પહેલી નોટીસ પાઠવી, અમોને જણાવેલું કે, તમારી બાકી વિજ બિલ ની રકમ ભર્યા બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૧.૭ આપ સાહેબને નમ્ર અરજ છે કે, તા.૧૩/૦૪/૨૦૧૮ ના રોજ '' નો ડયુ '' સામેલ છે. તો, કયા કારણોસર અંદાજે ૨૪ માસ એટલે કે, ૨(બે) વર્ષ સુધી લોડ ઘટાડા ની કાર્યવાહી કરેલ નથી. તથા અંદાજે ૨ વર્ષ નું ૨૦ એચ.પી નું વિજ બિલ અમારી પાસેથી બળજબરી પૂર્વક ભરપાઈ કરવા અમોને નોટીસ આપવા કહી દબાણ કરે છે.

૧.૮ આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, સરકારશ્રી ના નિયમ મુજબ અમો ૬૦ કે પછી ૯૦ દિવસ ના બિલ ભરવાના અમો હકકદાર છીએ. તો, આપ સાહેબને જણાવવાનું કે, ઉપર મુજબની રજૂઆત ને ધ્યાને લઈ, અમારી સમસ્યાનું નિવારણ લાવવા વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ચુડા ના જણાવ્યા મુજબ, સદર વાદી શ્રી પરમાર બનેસંગભાઈ મનુભાઈ ગ્રાહક નં–૭૪૦૫૬/૦૧૧૨૩/0 કેટેગરી AG-A1 લોડ ૨૦ HP ઘટાડા કરવા સબબની નોંધણી એસ.આર.નં–૧૦૭૦૮૦૭૩ અને નોંધણી ફી રૂા.૨૦૦/– રસીદ નં–૯૭૭૬૪૧ તા.૧૩/૦૪/૨૦૧૮ થી અત્રેની કચેરીને રજૂ કરેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૨ સદર અરજી તપાસતાં, તેમાં તમો અરજદારશ્રી દ્વારા ગુજરાત વિધુત નિયંત્રક આયોગ ના વિધુત જાહેરનામા ક્રમાંક – ૦૪/૨૦૧૫ વિભાગ–૪ ના પેટા ખંડ ૪.૮૮ ની શરત મુજબ લોડ ઘટાડા કર્યા સબબ નું લાયસન્સ ધરાવનાર વિજ કોન્ટ્રાકટર શ્રી નું પ્રમાણપત્ર રજૂ ન થાય ત્યાં સુધી માન્ય ગણી શકાય નહી.

૨.૩ તમોને અત્રેની કચેરી દ્વારા લોડ ઘટાડાની બાકી રકમ બાબત પત્ર નં– CSD/TECH/5105 dtd.01.05.2019 અને પત્ર નં–CSD/TECH/979 dtd.24.01.2020 થી પત્ર પાઠવવામાં આવેલ હોય, તેમજ માર્ચ–૨૦૨૦ માં અત્રેની કચેરીના કર્મચારી દ્વારા આપને મોજીદડ ગામે રૂબરૂ મળી, બાકી બિલ ભરવા તથા આપને આપની અરજી અંગે કોઈ પણ પ્રકારની મુંઝવણ માટે, રૂબરૂ કચેરીની મુલાકાત લેવા માટે પણ આપને જણાવેલ. તેમ છતાં, તમો દ્વારા સદર બાબતે કાંઈપણ તત્પરતા દાખવેલ નથી.

૨.૪ આમ,તમારો લોડ ઘટાડો મંજૂર થયેલ ન હોય, જેથી બાકી વિજ બિલ રકમ રૂા.૨૮૫૭૧/૩૮ માહે મે–૨૦૨૦ સુધી સદર પત્ર મળ્યા ના દિવસ–૧૫(પંદર) માં અત્રેની કચેરી એ, રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા POS મશીન થી, ડેબિટ કાર્ડથી, ચૂકવણું કરી શકો છો તથા ચુડા બેન્કના ચેક દ્વારા પણ ચૂકવણું કરી શકો છો.

૨.૫ વધુમાં, સદર કનેકશનની પેટા વિભાગીય કચેરી, ચુડા દ્વારા સ્થળ મુલાકાત તા.૨૦/૦૮/૨૦૨૦ ના રોજ કરેલ છે. જેનો અહેવાલ આ સાથે જોડેલ છે.

૨.૬ આમ,આજ દિન સુધી બાકી લેણું ભરપાઈ કર્યે તેમજ લાયસન્સ ધરાવનાર વિજ કોન્ટ્રાકટરશ્રી નું પ્રમાણપત્ર રજૂ કર્યે આપની લોડ ઘટાડાની અરજીની આગળની કાર્યવાહી કરી શકાય.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર બનેસંગભાઈ મનુભાઈ પરમાર, ગામ–મોજીદડ, તા.ચુડા માં ગ્રાહક નં–૭૪૦૫૬/૦૧૧૨૩/૦ થી ૨૦ HP નું ખેતીવાડી વિજ જોડાણ ધરાવતા હતા.

૩.૨ વાદીએ પ્રતિવાદી ની કચેરીમાં તા.૧૩/૦૪/૨૦૧૮ ના રોજ રૂા.૨૦૦/– રજી. ચાર્જ તરીકે ભરપાઈ કરી, તેના કરારીત ૨૦ HP માંથી ૫ HP નું વિજ જોડાણ કરવા માટે અરજી નોંધણી કરાવેલ. વાદીનું વિજ જોડાણ A-1 ટેરીફ કેટેગરીમાં આપવામાં આવેલ છે.

૩.૩ લોડ ઘટાડાની અરજી સમયે, વાદી એ પ્રતિવાદી ની કચેરીમાં બાકી નીકળતી રકમ ભરપાઈ કરી આપેલ.

૩.૪ પ્રતિવાદી તરફથી લોડ ઘટાડા અંગે કોઈ કાર્યવાહી ન થવાથી, વાદી એ તા.૨૫/૦૪/૨૦૨૦ ના રોજ ફોરમને લોડ ઘટાડા માટે અને લોડ ઘટાડો ન થવાથી, વધારે આવેલ બિલ અંગે ફોરમને ફરીયાદ કરેલ છે.

૩.૫ પ્રતિવાદીએ વાદી ની તા.૧૩/૦૪/૨૦૧૮ ની લોડ ઘટાડાની અરજી અન્વયે, તા.૧૬/૦૨/૨૦૧૯ ના રોજ વાદીના વિજ સ્થાપન નો તપાસણી અહેવાલ, ચેકીંગ શીટ નં–૯૩૧૪૩ તા.૧૬/૦૨/૨૦૧૯ થી બનાવેલ. ચકાસણી દરમ્યાન, વાદી ના વિજ સ્થાપન પર પ્રતિવાદી ને ૫ HP જોડેલ માલૂમ પડેલ.

૩.૬ પ્રતિવાદી તરફથી લોડ ઘટાડાની મંજૂરી ન આપવાથી પ્રતિવાદીએ વાદીના જોડાણ નું ૨૦ HP તરીકે બિલીંગ ચાલુ રાખેલ. જેથી,વાદીના વિજ બિલ ની રકમ ૨૦ HP પ્રમાણે આકારણી થયેલ છે. તેથી, પ્રતિવાદીએ બાકીની રકમ ભરવા માટે વાદીને સૂચના આપેલ.

૩.૭ પ્રતિવાદી એ વાદી ની લોડ ઘટાડાની અરજી પર સમય મર્યાદા માં કામ કરેલ નથી, તેમજ વાદીને ટેસ્ટ રીપોર્ટ આપવા અંગે પણ કોઈ સૂચના આપેલ નહી અને અરજી નોંધણી સમયે વાદીની લોડ ઘટાડાની અરજી ટેસ્ટ રીપોર્ટ વગર સ્વીકારેલ.

૩.૮ પ્રતિવાદીના વિધુત જોડાણ ના તપાસણી અહેવાલ નં–૯૩૧૪૩ તા.૧૬/૦૨/૨૦૧૯ પ્રમાણે વાદીએ તેના ખેતીવાડી વિજ જોડાણ માં ૫ HP ની મોટર જોડેલ છે.

૩.૯ પેરા નં–૩.૮ મુજબ પ્રતિવાદી એ વાદી નું ખેતીવાડી વિજ જોડાણ નું બિલીંગ તા.૧૬/૦૨/૨૦૧૯ ની અસરથી ૫ HP મુજબ કરવું.

૪.૦ આથી હુકમ કરવામાં આવે છે કે, વાદીએ તેના વિજસ્થાપન નો જરૂરી ટેસ્ટ રીપોર્ટ ૫ HP પ્રમાણે દિવસ–૭ માં આપવો. અને પ્રતિવાદી એ તા.૧૬/૦૨/૨૦૧૯ ની અસરથી વાદીના ખેતીવાડી વિજકનેકશન બિલીંગની આકારણી ૫ HP મુજબ કરવી અને વાદીના ખાતામાં ૨૦ HP પ્રમાણે જે કાંઈ રકમ ડેબીટ કરેલ તેમજ વાદીએ તે મુજબ રકમ ભરેલ હોઈ, તેનું એડજસ્ટમેન્ટ કરવું અને રીફંડ આપવાપાત્ર રકમ વાદીના ખાતામાં જમા આપવા.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૪.૦ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી..એન. અજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— ૦૭/૧૦/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.